RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૬૩ તા.૩–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રીમતી સંધ્યાબેન રામદાસ પવાર
સામાવાળા :– કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–અઠવાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતી સંધ્યાબેન રામદાસ પવારની તા.૨૬–૧૨–૧૧ની અરજીથી વોર્ડ નં. ૧૩–એ માં આવેલ પ્લોટ નં. ૨ ના માલિક હનુમંત યશવંત શિંદેએ કરેલા બાંધકામની રજાચિઠ્ઠી અને પ્લાન પરવાનગી લીધેલ છે કે કેમ ? તે અગેની માહિતી આપવા બાબત.
સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૬૩/૨૦૧૧–૧૨

શ્રીમતી સંધ્યાબેન રામદાસ પવારની તા. ૨૬–૧૨–૧૧ની અરજીથી વોર્ડ નં. ૧૩–એ માં આવેલ પ્લોટ નં. ૨ ના માલિક હનુમંત યશવંત શિંદેએ કરેલા બાંધકામની રજાચિઠ્ઠી અને પ્લાન પરવાનગી લીધેલ છે કે કેમ ? તે અંગેની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ના પત્ર નં. સા.વે.ઝોન (અઠવા)/ આરટીઆઈ/આ. નં.૧૨૧૩ તા. ૨–૨–૧૨થી મળેલા પ્રત્યુત્તરથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી નાશ નિકાલની વિગતો–દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૯૭૫ તા. ૧૩–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને મૂળ માંગેલ માહિતીની વિગતો, ફી ભર્યાની વિગત જણાવેલ ન હોય તે રજૂ કરવા સહ નારાજગીની વિગતો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/ આરટીઆઈ/આ.નં./૧૭૦૩ તા. ૨૩–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્ર નં. સા.વે.ઝોન (અઠવા)/ આરટીઆઈ/ આ.નં./૧૨૧૩ તા. ૨–૨–૧૨ના પત્રની નકલ, એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે જયારે અરજદાર તરફથી તા. ૨૨–૩–૧૨થી પૂરક વિગતોમાં મૂળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી આપવામાં આવેલ માહિતીના પત્ર નં.સા.વે.ઝોન (અઠવા)/ આરટીઆઈ/ આ.નં./૧૨૧૩ તા. ૨–૨–૧૨ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૬–૧૨–૧૧ની અરજીથી વોર્ડ નં. ૧૩–એ માં આવેલ પ્લોટ નં. ૨ ના માલિક હનુમંત યશવંત શિંદેએ કરેલા બાંધકામની રજાચિઠ્ઠી અને પ્લાન પરવાનગી લીધેલ છે કે કેમ ? તે અંગેની માહિતી આપવા બાબતે મુદ્દા નં. (૧) એ–૨, પ્લોટ નં. ૧, રે.સર્વે નં. ૭૮, ટેનામેન્ટ નં. ૧૩એ–૧૫–૦૯૯૩–૦–૦૦૧ વાળી સંધ્યાબેન રામદાસ પવારવાળી મિલકતના પ્રથમમાળના બાંધકામની રજાચિઠ્ઠી અને પરવાનગીની નકલ (૨) ઉપરોકત ટેનામેન્ટ નંબરને લાગુ હનુમંત શિંદેએ તાજેતરમાં પ્રથમ અને બીજા માળનું બાંધકામ કર્યુ છે તેની બાંધકામની રજાચિઠ્ઠી અને પરવાનગીની નકલ. તેવી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને સંબોધતી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૧૨૧૩ તા. ૨–૨–૧૨થી અરજદારે " માંગવામાં આવેલ માહિતી અન્વયે જણાવવાનું કે અઠવાઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા માંગ્યા મુજબની માહિતી અઠવાઝોન ખાતે ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ. તેવા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે તા. ૩–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જણાવવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો તપાસણી કરી આપેલી માહિતીની ખાતરી કરી શકે છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૩–૩–૧૨ ધ્યાને લેતા ૧–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના

અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૬–૧૨–૧૧ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પડાયેલ હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭માં મેળવી કચેરી કામકાજ સમય દરમ્યાન લાગત દફતરની પુનઃ તપાસણી કાયદાની કલમ–૭(૯) હેઠળ વિના મૂલ્યે તપાસણી કરી શકે છે. અરજદારની તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, કાર્યપાલક અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી– અઠવાઝોન .... જાણ તથા અમલ માટે
(૨) શ્રીમતી સંધ્યાબેન રામદાસ પવાર,